ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનું

મુખપત્ર

# હાયર મેસેજ

વાર્ષિક લવાજમ રૂા.૧૦૦

Visit us on our Website : www.gshstf.blogspot.com

વર્ષ : ૦૧ અંક : ૦૬ તા. ૧૫-૩-૨૦૧૪ સળંગ અંક : ૦૬

: પ્રમુખ, તંત્રી અને પ્રકાશક :
**શ્રી પંકજભાઈ કે. પટેલ**
(પ્રમુખ)
૨૦, સૂર્યરત્ન બંગલોઝ,
સરસ્વતી સ્કૂલ પાછળ,
સાયન્સ સીટી રોડ, સોલા,
અમદાવાદ-૩૮૦૦૬૦.
મો. : ૯૪૨૬૦૧૫૦૯૧
મો. : ૯૭૨૭૦-૭૩૫૬૯

: મુખ્ય સંપાદક :
**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર**
૪૧, ડાહ્યાલાલ પાર્ક,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ-૩૦.
(મો.) ૯૪૨૬૫૫૧૧૯૯
ફોન : ૨૨૮૧૨૭૨૮

: મહામંત્રી :
**વિનોદભાઈ જે. પટેલ**
બી-૨૬, હરીઓમનગર,
કેડીલા બ્રીજ પાસે,
ઘોડાસર, અમદાવાદ-૫૦.
મો. : ૯૪૨૬૧-૮૬૬૯૨
ફોન : ૨૫૮૩૨૮૨૮

: સહતંત્રી :
**અરવિંદ જે. પટેલ-આણંદ**
૯૯૦૪૧૬૪૮૦૮
**તુલસી મકવાણા-અમરેલી**
૯૪૨૬૨૩૩૯૯૨

: સહ સંપાદક :
**ભરતભાઈ વી. વ્યાસ-અમદાવાદ**
૯૪૨૭૪૦૦૩૩૨
**પરમાર વિરેન્દ્રસિંહ - નર્મદા**
૯૮૭૯૯૨૫૩૬૮

## -: સંપાદક મંડળ :-

(૧) શ્રી મહેશભાઈ આર. પટેલ (અમદાવાદ જિલ્લો)
(૨) શ્રી વિજય પી. પટેલ (મહેસાણા જિલ્લો)
(૩) શ્રી કમલેશ કે. પટેલ (સાબરકાંઠા જિલ્લો)
(૪) શ્રી ભૂપેન્દ્ર જી. મહંત (ગાંધીનગર જિલ્લો)
(૫) શ્રી કિશોભાઈ વી. ઉભડીયા (મોરબી જિલ્લો)
(૬) શ્રી એસ. કે. પટેલ (તાપી જિલ્લો)
(૭) શ્રી ગીરધર આર. ફળદુ (જામનગર જિલ્લો)
(૮) શ્રી રોહીત એસ. પટેલ (અરવલ્લી જિલ્લો)
(૯) શ્રી મનોજ આર. લોઢા (કચ્છ જિલ્લો)
(૧૦) શ્રી ભરતભાઈ પંડ્યા (મહીસાગર જિલ્લો)
(૧૧) શ્રી નિલેશભાઈ મોઢવાડીયા (પોરબંદર જિલ્લો)

### ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડના ઉ.મા. સંવર્ગના સદસ્યશ્રીઓ

(૧) શ્રી જયંતીલાલ એમ. ગડારા (રાજકોટ)
(૨) શ્રી પ્રકાશચંદ્ર સી. પટેલ (ભરૂચ)
(૩) શ્રી મહેશભાઈ એ. પટેલ (અમદાવાદ શહેર)

## -: મહામંડળ હોદ્દેદારો :-

| નામ | હોદ્દો | જિલ્લો |
|---|---|---|
| શ્રી પંજકભાઈ કે. પટેલ | પ્રમુખ | અમદાવાદ ગ્રામ્ય |
| શ્રી વિનોદભાઈ જે. પટેલ | મહામંત્રી | અમદાવાદ શહેર |
| શ્રી ભરતકુમાર આર. પટેલ | ઉપપ્રમુખ | આણંદ |
| શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | ઉપપ્રમુખ | પાટણ |
| શ્રી વસંત એલ. પટેલ (નેસ્કર) | ઉપપ્રમુખ | સુરત |
| શ્રી પ્રતિકકુમાર એસ. પટેલ | ઉપપ્રમુખ | વડોદરા |
| શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | પ્રાદેશીક મંત્રી | નડીયાદ |
| શ્રી ભરતભાઈ એ. પટેલ | પ્રાદેશીક મંત્રી | મહેસાણા |
| શ્રી લીલાભાઈ બી. કડાછા | પ્રાદેશિક મંત્રી | રાજકોટ |
| શ્રી નરસિંહ પી. ચૌધરી | પ્રાદેશિક મંત્રી | બનાસકાંઠા |
| શ્રી ભરતભાઈ આર. પટેલ | સહમંત્રી | સાબરકાંઠા |
| શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | સહમંત્રી | પંચમહાલ |
| શ્રી ભરતભાઈ બી. વઢેળ | સહમંત્રી | સુરેન્દ્રનગર |
| શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | સહમંત્રી | દાહોદ |
| શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | સંગઠનમંત્રી | વલસાડ |
| શ્રી ચંદ્રકાન્ત બી. પટેલ | સંગઠનમંત્રી | નવસારી |
| શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | સંગઠનમંત્રી | ગાંધીનગર |
| શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | સંગઠનમંત્રી | ભાવનગર |
| શ્રી રાજુભાઈ બી. ભટ્ટ | ખજાનચી | ભુરૂચ |
| શ્રી મહાવીરસિંહ એન. વાળા | અન્વેષક | જૂનાગઢ |

હાયર મેસેજ

## જાહેરાતના દર

વર્ષ : ૦૧
કુલ : ૦૭ અંક

| પેજની વિગત | વાર્ષિક રૂપિયા |
|---|---|
| કવર પેજ (ફોર કલર) નં. ૪ | ૧૫,૦૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૨ | ૧૨,૫૦૦ |
| કવર પેજ (ફોર કલર) નં. ૩ | ૧૨,૫૦૦ |
| સાદું પેજ | ૮,૦૦૦ |
| ફોર કલર અંદર | ૧૦,૦૦૦ |
| ફોર કલર બે પાન અંદર (વચ્ચે) | ૨૫,૦૦૦ |

## હાયર મેસેજનું અંગેનુ માર્ગદર્શન

- હાયર મેસેજનું લવાજમ એપ્રિલ-મે થી ફેબ્રુ.-માર્ચ સુધીનું ગણાશે.
- વર્ષ-૦૨ અંક -૦૧એપ્રિલ-મે તા. ૧૫-૫-૨૦૧૪
  - અંક-૨ જૂન-જુલાઈ તા. ૧૫-૭-૨૦૧૪
  - અંક-૩ ઓગસ્ટ-સપ્ટે. તા. ૧૫-૯-૨૦૧૪
  - અંક-૪ ઓક્ટો.-નવે. તા. ૧૫-૧૧-૨૦૧૪
  - અંક-૫ ડીસે.-જાન્યુ. તા. ૧૫-૧-૨૦૧૫
  - અંક-૬ ફેબ્રુ.-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૫
- હાયર મેસેજનું દર બે મહિને પ્રગટ થાય છે.
- હાયર મેસેજનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦ છે.
- હાયર મેસેજમાં પ્રગટ થતાં લેખની જવાબદારી લેખકની રહેશે.
- વર્ષ : ૦૨મા માટેના હાયર મેસેજના લવાજમો જે તે જિલ્લાના પ્રમુખશ્રીઓ દ્વારા મોકલવાના રહેશે.
- જિલ્લા ઘટક સંઘોએ હાયર મેસેજના સભ્યોની યાદી પૂરા નામ, સરનામા, પીનકોડ નંબર સાથે લવાજમની રકમ 'પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય ઉ. મા. શિક્ષક સંઘ મહામંડળ' ના નામ જોગ ડ્રાફ્ટ/ચેક મુખ્ય સંપાદકને મોકલવો.
- **મની ઓર્ડર દ્વારા હાયર મેસેજનું લવાજમ મોકલનાર મિત્રોએ મનીઓર્ડર સ્લીપમાં પૂરું નામ અને સરનામું અવશ્ય લખવું. કેટલાક મનીઓર્ડર સ્લીપમાં નામ કે સરનામા લખેલ હોતા નથી, જેથી હાયર મેસેજ મોકલી શકાતું નથી.**
- વ્યક્તિગત લવાજમ ભરનાર મિત્રોને વિનંતી કે તમારું લવાજમ મળે તે વખતે અગાઉ પ્રસિદ્ધ થયેલ હાયર મેસેજનો સ્ટોક હશે તો જ અગાઉના અંકો મોકલવામાં આવશે.
- **ઘટક સંઘોના પ્રમુખશ્રીઓને વિનંતી કે તમારા જિલ્લાના હાયર મેસેજના પાર્સલ મેળવવાનું સરનામું બદલાય તો તરત જ જાણ કરવી. પાર્સલ મેળવવાનું સરનામું જિલ્લાના સ્થળે રાખવું, જેથી કુરિયર સેવા ઉપલબ્ધ બને.**
- હાયર મેસેજ અંગે કોઈપણ ફરિયાદ અંગે મુખ્ય સંપાદક જોડે પત્ર વ્યવહાર કરવો કે ટેલીફોન કરવો.

## ...સંપાદકીય...

સંપાદકીય...

સારસ્વત મિત્રો...,

જય સરસ્વતી...!!!

– હાયર મેસેજનો આ વર્ષ : ૦૧ નો અંક ૦૬ છેલ્લો છે.

– એપ્રિલ-મે,૨૦૧૪થી હાયર મેસેજનું બીજુ વર્ષ શરૂ થશે.

– હાયર મેસેજના બીજા વર્ષના વ્યક્તિગત લવાજમો નીચેના સરનામે મોકલવા વિનંતી.

– **જે અંકથી આપશ્રીને પ્રથમ અંક મળે ત્યારથી છ અંક આપને મળશે.**


**શ્રી પ્રવિણસિંહ ડી. પરમાર (મુખ્ય સંપાદક)**
**૪૧, ડાહ્યાલાલ પાર્ક,**
**કઠવાડા રોડ, નરોડા, અમદાવાદ-૩૦.**


- **ઘટક સંઘોના પદાધિકારી મિત્રોને વિનંતી કે, તમારા જિલ્લામાંથી એપ્રિલ થી મે બે માસમાં જ વધારેમાં વધારે હાયર મેસેજના વ્યક્તિગત લવાજમો ભરાય તેવા પ્રયત્નો કરશો.**

હાયર મેસેજ આપણા મહામંડળનું મુખપત્ર છે. તેનું જતન કરવાની આપણી જવાબદારી છે. ફરીથી.. આજ સુધી તમારા સૌનો મળેલ સહકાર બદલ સમગ્ર ઉ.મા. શિક્ષક મિત્રોનો આભાર. હાયર મેસેજ ટાઈટલને દિલ્લીથી મંજુરી મળેલ છે. આર.એન.આઈ. નંબર ની મંજુરી દિલ્હીથી મળેલ છે.

**આપનો, પ્રવિણસિંહ ડી. પરમાર**
**મુખ્ય સંપાદક, હાયર મેસેજ**

## મુંઝવણ અને માર્ગદર્શન

આપની મુંઝવણ અને પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવવા નીચેના સરનામે પત્ર લખશો. આપના પ્રશ્નના જવાબ ત્યાર પછીના અંકમાં લેવાશે.


**નીતીન ટી. પંડ્યા**
બી-૨, નવનીધી એવન્યુ, મેમનગર, અમદાવાદ.
મો. : ૯૮૨૫૩ ૧૭૩૦૭

# .......પ્રમુખશ્રીનો પત્ર.....



**પંકજભાઈ કે. પટેલ**

શિક્ષક મિત્રો,

હાયર મેસેજનો આ ફેબ્રઆરી-માર્ચ તા. ૧૫-૩-૨૦૧૪નો છેલ્લો એટલે કે અંક - ૦૬ છે જે અંકમાં આંકડાકીય અને તારીખમાં ફેરફાર દિલ્હી ન્યુઝ પેપર રજીસ્ટ્રેશન ઓફિસે આપેલ માર્ગદર્શન અનુસાર ફેરફાર કરેલ છે. આ અંક આપશ્રીને ફ્રીમાં મોકલેલ છે. નવા નોંધાયેલ અને જૂના નોંધાયેલ તમામ સભ્યોને આ અંક મોકલેલ છે. જૂના ૧૮૦૦ અને નવા ૭૦૦ સભ્યોને આ અંક ફ્રી મોકલેલ છે. જે જૂના સભ્યોએ લવાજમ ભરેલ ન હોય તે તાકીદે પોતાના જિલ્લાના પ્રમુખશ્રીને લવાજમ મોકલી આપે. હવે પછી તા. ૧૫-૫-૧૪ અંક-૧, તા. ૧૫-૭-૧૪ અંક-૨, તા. ૧૫-૯-૧૪ અંક-૩, તા. ૧૫-૧૧-૧૪ અંક-૪, તા. ૧૫-૧-૧૫ અંક-૫, તા. ૧૫-૩-૧૫ અંક-૬ બહાર પડશે. ઘણાને અંક નથી મલ્યા તેવી ફરિયાદ છે. જે ફરિયાદનો નિકાલ તાકીદ કરાશે. તે અંગે આપશ્રી મુખ્ય સંપાદકશ્રીને કે આપના જિલ્લા પ્રમુખશ્રીને ટેલીફોનથી ફરિયાદ કરશો. ફરિયાદનો જરૂરથી નિકાલ કરાશે.

તા. ૧૨-૧-૧૪ ના રોજ અંબાજી મુકામે મહામંડળની સામાન્ય સભા હતી. જેમાં નવા હોદ્દેદારોની બીન હરીફ વરણી બે વર્ષ માટે કરવામાં આવી હતી. જેમાં **પુનઃ પ્રમુખ તરીકે મારી અને મહામંત્રી તરીકે વિનોદભાઈ પટેલ**ની વરણી કરી હતી તે બદલ આપ સૌનો આભાર. અન્ય અઢાર હોદ્દેદારોની નિયુક્તિ થઈ હતી તે સૌને અભિનંદન. હોદ્દેદારોની વરણી બિનહરીફ થયેલ છે. માટે સમાધાન સમિતિના **કન્વીનરશ્રી પિયુષભાઈ શાહ, સભ્ય શ્રી નીતીન પંડ્યા, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી જયંતીલાલ ગડારા, શ્રી પ્રકાશચંદ્ર પટેલ**નો આભાર માનવામાં આવે છે.

નવા ચુંટાયેલ હોદ્દેદારોએ **શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા, નાણામંત્રીશ્રી નીતીનભાઈ પટેલ** ની મુલાકાત લઈ મહામંડળના પ્રશ્નોની રજૂઆત કરી હતી.

તા. ૧૩-૧-૧૪ના રોજ ગુ.મા. અને ઉ.મા. બોર્ડના **ચેરમેનશ્રી વરસાણી સાહેબના** અધ્યક્ષસ્થાને ગુણવત્તા સુધારણા માટે મિટીંગ બોર્ડની કચેરીમાં માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને આચાર્ય સંઘના પ્રમુખ - મહામંત્રીની હાજરીમાં યોજાઈ હતી. જેમાં સંખ્યા ઘટાડવા, પ્રાથમિકમાં ધો.-૮માં પરીક્ષા યોજવા, ઉદ્યોગ વિષયમાં પ્રવર્તમાન પ્રવાહને ધ્યાને લઈ વિષયો દાખલ કરવા, પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિમાં ફેરફાર કરવા સહીતની ચર્ચા થઈ હતી.

તા. ૧૬-૧-૧૪ના રોજ નવા અભ્યાસક્રમની સંરચના અંગે બોર્ડના ચેરમેનશ્રીના અધ્યક્ષસ્થાને મિટીંગ હતી. જેમાં ૨૦૧૬ થી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નવો અભ્યાસક્રમ અમલી બનાવવાનું નક્કી થયેલ છે. ધો. ૧૧-૧૨ સામાન્ય પ્રવાહમાં **વિષયો સાતજ** રાખવાનું નક્કી થયેલ છે. જેથી શિક્ષક છુટા થવા કે ફાજલ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય નહીં.

તા. ૯-૨-૧૪ના રોજ રાજકોટ જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૧૭-૨-૧૪ ના રોજ વડોદરા જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૧૮-૨-૧૪ના રોજ આણંદ જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૨૧-૨-૧૪ ના રોજ પાટણ જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૨૨-૨-૧૪ ના સુરત જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૨-૩-૧૪ના રોજ સુરેન્દ્રનગર જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૮-૩-૧૪ ના રોજ પંચમહાલ જિલ્લા ઉ.મા. સંઘ, તા. ૯-૩-૧૪ના રોજ ખેડા જિલ્લા ઉ.મા. સંઘના શૈક્ષણિક સેમીનાર યોજઈ ગયા. સેમીનાર યોજેલ તમામ જિલ્લા ઉ.મા. સંઘના પ્રમુખશ્રી અને હોદ્દેદારોને ખાસ અભિનંદન. તમામ જિલામાં **મહામંડળના પ્રમુખશ્રીને**

**૫૦૦૦/- ના ચેક** પ્રતીકરૂપે અર્પણ કરેલ છે. તા. ૨૫-૨-૧૪ ના રોજ આચાર્ય સંઘનું રાજ્ય કક્ષાનું અધિવેશન હતુ જેમાં મહામંડળના પ્રમુખશ્રી તથા મહામંત્રીશ્રીએ હાજરી આપી હતી. અરવલ્લી જીલ્લો તા. ૯-૩-૧૪ અને મહેસાણા જિલ્લામાં. ૨૩-૨-૧૪ ના રોજ ૯૮ પછીના શિક્ષકોની ખાસ અલગ મિટીંગ બોલાવી હતી. **જેમાં અરવલ્લીમાંથી ૨૫ અને મહેસાણામાંથી ૧૧ ચેક ૫૦૦૦/-ના પ્રતીકરૂપે મહામંડળના પ્રમુખશ્રીને અર્પણ** કરેલા જે બંને જિલ્લાના પ્રુખના હોદ્દેદારોને ખાસ અભિનંદન.

તા. ૩-૩-૧૪ના રોજ ચારેય શૈક્ષણિક સંઘોના પ્રમુખ-મહામંત્રીશ્રી તથા પ્રતિનીધી દ્વારા ચારેય સંઘોની કોમન માંગણીનું આવેદનપત્ર **શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા તથા નાણામંત્રી શ્રી નીતીનભાઈ પટેલને** આપ્યું હતું. આપણે ત્રણેય સંઘના પ્રમુખશ્રીને જણાવ્યું કે જો આ રીતે ચારેય સંઘ વીસ દિવસ અગાઉ ભેગા થયા હોત તો આપણે કંઈક પરિણામ મેળવી શક્યા હોત.

તા. ૩-૩-૧૪ ના રોજ રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણ નીધિ યોજનાની મિટીંગ **શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્માના અધ્યક્ષસ્થાને** યોજાઈ હતી. જેમાં કમિટીના સભ્ય તરીકે મહામંડળના પ્રમુખશ્રીએ હાજરી આપી હતી. જેમાં શિક્ષકોના લાભદાયી નિર્ણય લેવામાં આવ્યા હતા જે આ અંકમાં સામેલ છે.

તા. ૨૮-૨-૧૪ ના રોજ આપણા મહામંડળે **નાણામંત્રીશ્રી નીતીનભાઈ પટેલ**ને મેડીકલ એલાઉન્સની માંગણીનો પત્ર પાઠવી કરી હતી જેના ફળ સ્વરૂપ નાણામંત્રીશ્રીએ આપણા મહામંડળને ૧૦૦ રૂા. ના બદલે ૩૦૦ રૂા. મેડીકલ ભથ્થાની માંગણી મંજૂર કરી છે. તેનો પત્ર તા. ૪-૩-૧૪ ના રોજ પાઠવેલ છે. જે આ અંકમાં સામેલ છે. ચુંટણી આચાર સંહીતા આવી જવાને કારણે શિક્ષણ વિભાગમાંથી આ ઠરાવ બહાર પાડેલ નથી જે આચાર સંહીતા દૂર થતાં ઠરાવ બહાર પડશે. મેડીકલ એલાઉન્સ મંજુર કરવા બદલ **નાણામંત્રીશ્રી નિતીનભાઈ પટેલ, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા, રાજ્યકક્ષાના શિક્ષણમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, સચીવશ્રી તીવારી સાહેબ, નાયબ શિક્ષણ સચીવશ્રી નીલેશભાઈ ત્રીવેદી સાહેબનો આભાર.**

તા. ૭-૨-૧૪ ના રોજ આપણા પ્રશ્નો અંગે **નાયબ સચિવશ્રી નિલેશભાઈ ત્રિવેદી** જોડે મિટીંગ હતી. જે દરખાસ્તો નાણાં વિભાગમાં નથી મોકલી તે તાકીદે મોકલવા જણાવ્યું હતું.

આપણા મહામંડળ દ્વારા જ **'૯૮ પછી નીમાયેલ શિક્ષકોના કાયમી રક્ષણ માટે** અને **એન્ટ્રી લેવલ પે સ્કેલના કાયમી ઉકેલ માટે'** સમગ્ર રાજયમાં જાગૃતિ અભિયાન ચાલુ કરેલ છે. તમામ જિલ્લામાં જ્યાં સેમીનાર યોજાયેલ ત્યાં '૯૮ પછીના શિક્ષકો હાજર રહ્યા હતા. મિત્રો આપના રક્ષણની ચિંતા મહામંડળે કરવાની છે આપશ્રીએ નહીં.' આ પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવા **"કરેંગે યા મરેંગે"** નીતિ અખ્યત્યાર કરવાની છે. નિયત સમયે આ કાર્ય પૂર્ણ થશે. મહામંડળને **શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્માએ** ખાત્રી આપેલ છે કે હવે પછી એક પણ શિક્ષક છુટો થાય તો મારી પાસે આવી જશો. આ પ્રશ્નનો સરકાર કાયમી ઉકેલ લાવવા માગં છે તેવું શિક્ષકોને જણાવજો. **આપણે કોઈપણ પ્રકારની શરત વગર સંખ્યા ઘટતા, શાળા બંધ થાય, કે શાળાની માન્યતા રદ થાય** તો પણ ૩૧-૧૨-૧૦ કે ૩૧-૧૨-૧૧, કે તા. ૨૫-૨-૧૧ સુધી નીમાયેલ શિક્ષકને રક્ષણ મળવું જોઈએ તેવી સ્પષ્ટ રજૂઆત કરેલ છે. તદ્ઉપરાંત ઘણા ડી.ઈ.ઓ. દ્વારા વર્ગ બંધ થતા હીયરીંગ રાખ્યા હતા. જેમાં '૯૮ પછીના શિક્ષકોનો પણ સમાવેશ થતો હતો. મહામંડળ દ્વારા આપણે **શિક્ષણમંત્રીને** રજૂઆત કરી કે જ્યાં સુધી રક્ષણની પોલીસી બને છે ત્યાં સુધી કોઈપણ '૯૮ પછીના શિક્ષકને વર્ગ બંધ થતા છુટો ન કરવો અને સંખ્યાધીક ગણી અન્ય શાળામાં કામચલાઉ કામગીરી આપવી. જેના ફળ સ્વરૂપે શિક્ષણમંત્રીશ્રીની સૂચનાથી શિક્ષણ વિભાગ દ્વારા શિક્ષણ કમિશનરને લેખીત સૂચના આપી અને દરેક જિલ્લા શિક્ષણા અધિકારીશ્રીને શિક્ષણ કમિશનર દ્વારા તા. ૧૫-૬-૧૪ સુધી કોઈને ફાજલ કે છૂટા ન કરવા લેખિત સૂચના આપેલ છે. જેથી હાયરીગં હોય અને '૯૮ પછીના શિક્ષકોને કચેરીવાળા આગળ પાછળ ફેરવી માનસિક ચિંતામાં નાંખતા હતા તે ચિંતા દૂર થયેલ છે. આર્થિક શોષણ બંધ થયું છે.

વડોદરા જિલ્લા ડી.ઈ.ઓ **શ્રી એસ. પી. ચૌધરી સાહેબ** અને રાજકોટ ડીઈઓ **શ્રી જે. કે. વીંછીયા** દ્વારા '૯૮ પછીના ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને આપણી વિનંતીથી છુટા ન કરતા સંખ્યાધીક ગણી કામચલાઉ અન્ય સ્કૂલમાં સમાવ્યા છે. જે બદલ બંને શિક્ષણાધિકારીશ્રીને અભિનંદન.

સુરત ડી.ઈ.ઓ. **શ્રી દિનેશભાઈ પટેલ** દ્વારા તા. ૨-૨-૧૪ ના રોજ વર્ગ ઘટાડાનું હીયરીંગ રાખવામાં આવ્યું હતું. અગાઉ હીયરીંગમાં તેવો શ્રીએ '૯૮ પછીના ત્રણ માધ્મયિક શિક્ષકને છુટા કર્યા હતા. તા. ૦૨-૨-૧૪ના રોજ હીયરીંગ ઉચ્ચતર માધ્યમિક શાળાના ચાર શિક્ષકો '૯૮ પછીના હતા. મહામંડળ અને સુરત ઘટક સંઘની વિનંતીને ગ્રાહ્ય રાખી સુરત ડી.ઈ.ઓ દ્વારા આ હીયરીંગ બંધ રાખ્યું અને ૧ માસ પછી હીયરીંગ રાખવાની ખાત્રા આપી અને જજમેન્ટ તે પછી બીજા એક માસે આપવા કહ્યું. તે બે માસમાં કાયમી રક્ષણની પોલીસી બનાવવા તેવોશ્રીએ જણાવ્યું. હીયરીંગ બંધ રાખી '૯૮ પછીના ઉચ્ચતર શિક્ષકને જીવતદાન આપવા બદલ ખાસ સુરત ડી.ઈ.ઓ.ને અભિનંદન.

મહામંડળ દ્વારા ભંડોળ અને ફી વધારાના ભાગરૂપે '૯૮ પછીના શિક્ષકો પાસેથી રૂા. ૫૦૦૦/- રૂપિયા લેવાનું નક્કી કરેલ છે. જેને દરેક જીલ્લામાંથી અભૂતપૂર્વ સહકાર મળેલ છે. જીલ્લા સેમીનારમાં મહામંડળના પ્રમુખશ્રીને ચેક અર્પણ કરવામાં આવે છે. આપશ્રી દ્વારા કે આપની શાળાના '૯૮ પછીના નીમાયેલ શિક્ષકો દ્વારા જો ૫૦૦૦ના ચેક 'પ્રમુખશ્રી ગુ.રા.ઉ.મહામંડળ'ના નામનો ન આપેલ હોય તો મોકલી આપવા વિનંતી. આ ભંડોળમાંથી ૬૦% મહામંડળ જોડે અને ૪૦% ઘટક સંઘ પાસે રહેશે.

તા. ૧૩-૩-૧૪ ના રોજથી ગુ.મા. અને ઉ.મા. બોર્ડ દ્વારા ધો. ૧૦-૧૨ ની જાહેર પરીક્ષા શરૂ થાય છે. આપણે સૌ આ કામગીરીમાં લાગી જઈશું. પરીક્ષા સારી રીતે લેવાય તેમાં આપણે સૌ સહભાગી થઈશું. ગેરરીતીના કોઈપણ કાર્યમાં આપણે સહભાહી થઈશું નહીં તેવા સંકલ્પ સાથે કામગીરી બજાવીશું.

તા. ૩૦-૪-૧૪ ના રોજ સમગ્ર રાજયમાં લોકસભાની ચૂંટણી યોજવાની છે આપ સૌને ચુંટણીની કામગીરી મળી હશે. આપણે સૌ જંગી પ્રમાણમાં મતદાન કરીશું અને અન્ય પાસે મતદાન કરીશું.

આચાર્યશ્રીને **ઉચ્ચતર એલાઉન્સમાં વધારો** કરેલ છે. જે ઠરાવ આ અંકમાં સામેલ છે. CCC ની પરીક્ષા જી.ટી.યુ. દ્વારા લેવાશે તેનો ઠરાવ આ અંકમાં રાખેલ છે. જેના કેન્દ્રો વધારવા મહામંડળે રજૂઆત કરેલ છે.

ઉચ્ચતર વિભાગમાં વહેલી તકે ૧૦૦% ભરતી થાય તેવી રજૂઆત કરેલ છે. ઉપરાંત માધ્યમિક વિભાગમાં જગ્યા ખાલી પડતા ઉચ્ચતર વિભાગમાં સમાયેલ માધ્યમિક શિક્ષકને માધ્યમિક વિભાગમાં સમાવવા અને ઉ.મા. વિભાગમાં જે વિષયની જરૂરિયાત હોય તે મુજબની લાયકાતવાળા નવા શિક્ષકને સમાવવા મહામંડળે રજૂઆત કરેલ છે. જેનો પત્ર આ અંકમાં સામેલ છે.

ઉદ્યોગ શિક્ષક અને ગ્રંથપાલના પગારની દરખાસ્ત સુધારો કરી કમિશ્નર કચેરી દ્વાર શિક્ષણ વિભાગમાં મોકલવાની કાર્યવાહી કરેલ છે. **"ઉદ્યોગ શિક્ષકની પોસ્ટને મદદનીશ શિક્ષકની પોસ્ટમાં રૂપાંતર કરી મદદનીશ શિક્ષકનું પગાર ધોરણ આપવા રજૂઆત કરેલ** છે. આશા રાખીએ કે આપણને કાર્યમાં સફળતા મળે."

જો સરકારમાંથી સફળતા નહીં મળે તો ઠરાવ અનુસાર કોર્ટ કેસ કરાશે. આપના મહામંડળમાં આપેલ ભંડોળનો સદ્ઉપયોગ થશે. એક એક પૈસાનો હિસાબ મળશે. માટે શંકાકુશંકા રાખ્યા વગર ઉદ્યોગ શિક્ષકો અને '૯૮ પછીના શિક્ષકો ભંડોળ તરીકે ૫૦૦૦/- રૂપિયા જમા કરાવશો. આપના પ્રશ્નો અંગે આપના જીલ્લાના પ્રમુખ, મંત્રી - મહામંડળના હોદ્દેદારનો સંપર્ક કરવો જેની યાદી આ સાથે સામેલ છે.

આભાર

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ. ગુ.રા.ઉ.મહામંડળ**

# સરકારમાં રજૂઆત

## ૫/૨/૧૩-૩-૧૪ રોજ માંગણી અંગે આપેલ આવેદનપત્ર

પ્રતિ, મા.શ્રી.ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
મા.શ્રી.નીતીનભાઈ પટેલ, નાણાં મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય.

**વિષય : આ સાથે સામેલ પ્રશ્નો ઉકેલવા બાબત.**

મા.સાહેબશ્રી,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે આ સાથે સામેલ પ્રશ્નોનું તાકીદે ઉકેલ લાવવા વિનંતી.ચુંટણીની આચાર સંહિતા પહેલા શૈક્ષણિક સંઘોના પ્રશ્નો નો ઉકેલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. સરકારી કર્મચારીઓને અપાતા લાભો બીન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યશ્રી, અને વહીવટીય કર્મચારીઓને અપાતા નથી ઉપેક્ષા કરાય છે જે આ વખતે ધ્યાને લેવા.

## પડતર પ્રશ્નો બાબતે

પ્રતિશ્રી, શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા — તા.૦૩/૦૩/૧૪
માન.નાણામંત્રીશ્રી નીતીનભાઈ પટેલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય : પડતર પ્રશ્નો બાબતે**

(૧) ૨૫/૨/૧૧ સુધી નિયુક્ત થયેલા તમામ શિક્ષકો, આચાર્યો, અને વહીવટી કર્મચારીઓને કાયમી રક્ષણ આપવું. કોઈ શરત વગર.
(૨) સરકારી કર્મચારીઓને મેડીકલ ભથ્થાં પેટે રૂા.૩૦૦ મળે છે. તે મુજબ ગ્રાન્ટેબલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓને આપવું.
(૩) સરકારી કર્મચારીઓની જેમ ગ્રાન્ટેબલ સંસ્થાના શૈક્ષણિક કર્મચારીઓ અને બિન શૈક્ષણિક કર્મચારીઓ L.T.C.લીવ એન્કેસમેનટનો લાભ આપવો.
(૪) રાજ્ય સરકારના કર્મચારીઓને **ટ્રાન્સપોર્ટ એલાઉન્સનો** લાભ મળે છે. તે મુજબ અનુદાન લેતી બિન સરકારી શાળાના શિક્ષકો, આચાર્યો, કર્મચારીઓને લાભ આપવો.
(૫) આચાર્યો અને ઉ.મા.શિક્ષકોને **એન્ટ્રીપે સ્કેલ** આપવો.
(૬) ૪/૫/૧૨ ના પરિપત્રમાં વર્ગદીઠ શિક્ષકનો રેશિયો કાયમી ધોરણે ૨(બ) શિક્ષકનો રાખવો.
(૭) ૧૦૦% ગ્રાન્ટેડ શાળાઓની નોકરી કરતાં આચાર્યો / શિક્ષકો ને નોકરીના મૂળપગાર / રજાનું રક્ષણ સરકારી નોકરીમાં આપવું.
(૮) વહીવટી કર્મચારીઓમાં જૂનું મહેકમ ચાલું રાખવું. (વર્ગ - ૩ અને વર્ગ - ૪) તા.૨૨/૨/૯૯ મુજબ.
(૯) લઘુલાયકાત ધરાવતા વ્યવસાયલક્ષી, સામાન્ય પ્રવાહના શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવો.
(૧૦) આચાર્ય અને ઉચ્ચતર શિક્ષકોને ઉચ્ચતર પગાર ધોરણનો ૩૧ વર્ષનો લાભ આપવો.
(૧૧) ઉચ્ચતર મા.શાળાના આચાર્યોને મળતા ઉચ્ચતર એલાઉન્સમાં વધારો કરવા બાબત.
(૧૨) ગ્રાન્ટમાંથી મળતા વાહનભથ્થામાં ૨૫૦ રૂા.ને બદલે પણ ૫૦૦ આપવા.
(૧૩) ઉ.મા.વિભાગના ઉદ્યોગ શિક્ષકો અને ગ્રંથપાલના પગાર ધોરણ બાબત.

| | | | |
|---|---|---|---|
| **પંકજભાઈ કે.પટેલ** | **રમેશભાઈ પટેલ** | **મહેન્દ્રભાઈ પટેલ** | **દિનેશભાઈ ચૌહાણ** |
| **પ્રમુખ** | **પ્રમુખ** | **પ્રમુખ** | **પ્રમુખ.** |
| **ગુ.રા.ઉ.મહામંડળ** | **ગુ.માધ્યમિક સંઘ** | **ગુ.વહીવટીય કર્મચારી સંઘ** | **ગુ.આચાર્ય સંઘ** |

**ખાસનોંધ :** બધા સંઘને લાગુ પડતી મેડીકલ એલાઉન્સની માંગણી પૂર્ણ થયેલ છે અને આચાર્યશ્રીના ઉચ્ચતર એલાઉન્સનો પ્રશ્ન હલ થયેલ છે માટે આંદોલનની વાત પડતી મુકેલ છે અને સૌએ સરકારને સહકાર આપવા સહમતી સાંધેલ છે.

---

**સી.સી.સી. ના કેન્દ્રો વધારવા મુદત વધારવા બાબત.**

પ્રતિશ્રી, મા.શ્રી.ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ, શિક્ષણ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.તા. ૩-૨-૧૪

**વિષયઃ- સી.સી.સી. ના કેન્દ્રો વધારવા મુદત વધારવા બાબત.**

મે.સાહેબ,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે સી.સી.સી. ની પરીક્ષા પોલીટેકનીક કેન્દ્રો દ્વારા લેવાતી હતી. પોલીટેકનીક કોલેજોમાં હવે આ પરીક્ષા નહીં લેવાય તેવો ઠરાવ કરવામાં આવ્યો છે. અગાઉ આઈ.ટી.આઈ. દ્વારા લેવાતી પરીક્ષા બંધ કરાઈ હતા. જેથી બાંયેધરી આપી ઉચ્ચતર પગાર ધોરણ મેળવેલ શિક્ષકો અને કર્મચારીઓ મુશ્કેલીમાં મુકાયેલ છે. પોરબંદરમાં સી.સી.સી. ની પરીક્ષાનું એક પણ કેન્દ્ર નથી બે વર્ષથી પરીક્ષા આપવા અરજી કરેલ છે. પરંતુ પરીક્ષા આપવાની કેન્દ્ર દ્વારા મંજુરી મળેલ નથી.

અમારી આપ સાહેબને વિનંતી છે કે સમગ્ર રાજ્યમાં સી.સી.સી. ના કેન્દ્રો વધારવા અનેસ સી.સી.સી. ની પરીક્ષા આપવાની મુદતમાં વધારો કરવા વિનંતી. આભાર.....

**પંકજભાઈ કે.પટેલ, પ્રમુખ, ગુ.રા.ઉચ્ચ.મહામંડળ**

**વિષય : ઉદ્યોગ વિષયમાં પ્રવર્તમાન પ્રવાહને ધ્યાને લઈ કોર્ષ દાખલ કરવા ને તે મુજબ રાજ્યના ઉદ્યોગ શિક્ષકોને તાલીમ આપવા બાબત.**

પ્રતિશ્રી, મા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**વિષય : ઉદ્યોગ વિષયમાં પ્રવર્તમાન પ્રવાહને ધ્યાને લઈ કોર્ષ દાખલ કરવા ને તે મુજબ રાજ્યના ઉદ્યોગ શિક્ષકોને તાલીમ આપવા બાબત.**

મે. સાહેબ,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ૧૯૭૬ થી ૧૦+૨ પ્રવાહ શરૂ થઈ તે સમયે ઉદ્યોગ વિષયમાં અલગ અલગ ૧૬ કોર્ષ જે તે સમયની માંગ અનુસાર નક્કી કર્યા હતા. હાલ આ કોર્ષમાં પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ફેરફાર કરવાની જરૂરિયાત છે.

હાલ મોબાઈલ રીપેરીંગ, કોમ્પ્યુટર રીપેરીંગ, વાયરીંગ, બેઝીક ઈલેક્ટ્રીક, હોમ એપ્લાઈન્સીસ (ઈલેક્ટ્રીક) (ટી.વી., ફ્રિજ, એલસીડી, એલઈડી, ૩ ડી, ઓવન, વોશીંગ મશીન રીપેરીંગ) પ્લમ્બીંગ, બેઝીક ટેલરીંગ / બેઝીક ગારમેન્ટ, બેઝીક કોમ્પ્યૂટર, બેઝીક હાર્ડવેર કોમ્પ્યુટર, બેઝીક ઓટોમોટીવ, બેધીક મોબાઈલ સોફ્ટવેર, બેઝીક મોબાઈલ હાર્ડવેર, બેઝીક હાઉસ વાયરીંગ તથા અન્ય જરૂરીયાત મુજબ કોર્ષ દાખલ કરવા જરૂરી છે. તો

આ અંગે ઘટતી કાર્યવાહી કરવા વિનંતી. જે કોર્ષ શરૂ કરીએ તે કોર્ષ મુજબની તાલીમ સમગ્ર રાજ્યના ઉદ્યોગ શિક્ષકોને આપવા વિનંતી. જેથી સમગ્ર રાજ્યના વિદ્યાર્થીઓ જ્યારે ધો.૧૨ પછી કોલેજમાં આવે ત્યારે અભ્યાસ સાથે નાનો વ્યવસાય કરી શકે કે રોજી મેળવી શકે. આભાર

**પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ, ગુ.રા. ઉચ્ચ. મહામંડળ**

---

મા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ, શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તા. ૩-૧૨-૧૪

**વિષય : માધ્યમિકમાં જગ્યા પડતા ઉ.મા. માં સામયેલ શિક્ષકોને પરત મોકલવા બાબત**

મે. સાહેબ

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ધો.-૮ પ્રાથમિકમાં જતાં માધ્યમિક વિભાગના શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સમાવેલ હતા. જેમનો વિષય લાયકાત ઉચ્ચતર વિભાગની ન હોય તો તે ઉચ્ચત્તર શાળાના વિદ્યાર્થીના શિક્ષણને યોગ્ય ન્યાય આપી ન શકે.

માટે ઉચ્ચતર વિભાગમાં સમાયેલ માધ્યમિક શિક્ષકને (ઠરાવ અનુસાર) પોતાના જિલ્લામાં માધ્યમિકમાં જગ્યા ઉભી થાય ત્યારે તેને ઉચ્ચતર મા. વિભાગમાંથી માધ્યમિકમાં હુકમ કરવા વિનંતી અને ઉચ્ચતર વિભાગમાં વિષય લાયકાત મુજબ શિક્ષકોની ભરતી કરવા વિનંતી જેથી વિદ્યાર્થીને યોગ્ય શિક્ષણ પ્રાપ્ત થઈ શકે. આભાર

**પંકજભાઈ કે. પટેલ પ્રમુખ, ગુ.રા. ઉચ્ચ. મહામંડળ**

---

મા. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસ્મા સાહેબ,શિક્ષણમંત્રીશ્રી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર **તા. ૩-૧૨-૧૪**

**વિષય : '૯૮ પછી નીમાયેલ શિક્ષકોને રક્ષણ આપવા અંગે**

મે. સાહેબ,

જય જય ગરવી ગુજરાત સાથે જણાવવાનું કે ૯૮ પછી નીમાયેલ શિક્ષકોના રક્ષણ અંગે સરકારશ્રીની વિચારણા હેઠળ છે. જ્યાં સુધી આ પોલીસી બને ત્યાં સુધી સુધી રાજ્યમાં કોઈ શાળામાં વર્ગો ઘટે તો ૯૮ પછી નીમાયેલ શિક્ષકને છુટો ન કરતાં તેનો નિર્ણય પેન્ડીંગ રાખવા કે સંખ્યાધિક ગણી કામચલાઉ અન્ય જ્યાં જગ્યા હોય તે શાળામાં કામગીરી આપવા સુચના આપવા વિનંતી. હાલ દરેક જિલ્લામાં ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શિક્ષકોની ખાલી જગ્યા છે તો વર્ગ ઘટતા શિક્ષકને છુટા કરવાને બદલે તેને અન્ય જગ્યાએ સમાવવા જોઈએ જેથી વિદ્યાર્થીને તાકીદે શિક્ષણ પ્રાપ્ત થઈ શકે. ભરતી પ્રક્રિયામાં ઓછામાં ઓછા ૬ થી ૯ માસ થશે. એક તરફ ભરતી કરાય અને બીજી તરફ શિક્ષકને છુટો કરાયે તે કેટલે અંશે યોગ્ય છે.

આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે તા. ૩૧-૧૨-૧૦ કે તા. ૨૫-૨-૧૧ કે તા. ૩૧-૧૨-૧૧ સુધી નીમાયેલ શિક્ષકને કોઈપણ કારણસર વર્ગ ઘટાડો થાય તો તેને કાયમી રક્ષણની સ્પષ્ટતા કરતો ઠરાવ તાકીદે કરવા વિનંતી.

સરકારશ્રી રક્ષણની પોલીસી હાલ બનાવી રહેલ છે. સરકારશ્રીનું આ અંગે ઉદારવલણ છે ત્યારે ભવિષ્યમાં આ પ્રશ્ન ઉપસ્થિત ન થાય, ખોટા અર્થઘટનો કરી શિક્ષકોનું શોષણ ન થાય તેવો સ્પષ્ટ ઠરાવ બહાર પાડવા વિનંતી.આભાર

**પંકજભાઈ કે. પટેલ, પ્રમુખ, ગુ.રા. ઉચ્ચ. મહામંડળ**

## ઉદ્યોગ શિક્ષકો અંગે

આપના પ્રશ્ન અંગે મહામંડળ દ્વારા આવેદનપત્ર બનાવી સરકારમાં રજૂઆત કરેલ છે. શિક્ષણ વિભાગમાંથી દરખાસ્ત પૂર્તતા માટે શિક્ષણ કમિશનરમાં મોકલેલ છે.

અન્ય અધિકારીશ્રીના માર્ગદર્શન અનુસાર **'ઉદ્યોગ શિક્ષકની પોસ્ટ મદદનીશ શિક્ષકમાં રૂપાંતર કરી મદદનીશનું પગાર ધોરણ આપવું'** તેવી પુનઃ રજૂઆત કરેલ છે.

ચુંટણી પછી કામગીરી ચાલુ થશે માટે છ માસ સુધી રાહ જુવો. સરકારમાંથી હકારાત્મક પરિણામ માટે પ્રયત્ન કરીએ છીએ. જો પરિણામ નહીં મળે તો મહામંડળની કારોબારીમાં થયેલ ઠરાવ અનુસાર કેસ મુકાશે. આપના **કન્વીનર શ્રી જેઠાભાઈ પટેલ, ગાંધીનગરના કે.સી. પટેલ** વગેરે સક્રિય કામગીરી કરી રહ્યા છે.

કુલ ભંડોળ નીચે મુજબ મળ્યું છે. જો આપશ્રી એ ૫૦૦૦/- ભંડોળ ન આપ્યું હોય તો ઝડપથી આપશો. ચેક પ્રમુખશ્રી ગુ.રા.ઉ.મહામંડળના નામનો આપશો. એક્ષીસ બેંકમાં સીધા પણ આપના પ્રમુખશ્રી દ્વારા જમા કરાવી શકો છે.

| ક્રમ | જિલ્લો | ફંડ આપેલ સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧. | ખેડા | ૧૭ |
| ૨. | આણંદ | ૧૩ |
| ૩. | વડોદરા | ૦૮ |
| ૪. | પંચમહાલ | ૨૩ |
| ૫. | સુરત | ૧૩ |
| ૬. | નવસારી | ૦૩ |
| ૭. | ગાંધીનગર | ૧૬ |
| ૮. | સાબરકાંઠા | ૧૬ |
| ૯. | રાજકોટ | ૧૨ |
| ૧૦. | ભાવનગર | ૧૦ |
| ૧૧ | મહેસાણા | ૨૦ |
| ૧૨ | બનાસકાંઠા | ૨૩ |
| ૧૩. | પાટણ | ૧૨ |
| ૧૪. | દાહોદ | ૦૧ |
| ૧૫. | જામનગર | ૦૨ |
| ૧૬. | અમ. ગ્રામ્ય | ૧૪ |
| | **કુલ** | ૨૦૩ |

મહામંડળ દ્વારા ભંડોળનો ઉપયોગ માટે અગીયાર સભ્યની કમિટી બનાવી છે જેમાં ઉદ્યોગ શિક્ષકના ૪-૫ પ્રતિનિધી છે. આપના પૈસાઓના પાઈ-પાઈ સહીતનો હિસાબ રહેશે. કોઈ શંકા કુ શંકા રાખવી નહીં. ભંડોળ ન આપ્યું હોય તેઓ તાકીદે ભંડોળ આપો.

આભાર

| | |
|---|---|
| **વિનોદભાઈ પટેલ** | **પંકજભાઈ કે. પટેલ** |
| **મહામંત્રી** | **પ્રમુખ** |
| **ગુ.રા. ઉ.મહામંડળ** | **ગુ.રા.ઉ.મહામંડળ** |

## '૯૮ પછીના શિક્ષકોને અપીલ

'૯૮ પછી નીમણુંક પામેલ શિક્ષકમિત્રો,

**આપના કાયમી રક્ષણ અને એન્ટ્રીલેવલ પે સ્કેલ** માટે મહામંડળ કૃત નિશ્ચયી છે. બંને પ્રશ્નના કાયમી ઉકેલ માટે શિક્ષણ **મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસ્મા, રાજ્યકક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી, નાણામંત્રીશ્રી નીતીનભાઈ પટેલે ખાત્રી આપેલ છે.**

મહામંડળની અંબાજી ખાતેની મિટીંગમાં નક્કી થયા અનુસાર '૯૮ પછીની નીમાયેલ શિક્ષકો પાસેથી ૫૦૦૦/- ભંડોળ ઉઘરાવવાનું નક્કી કરેલ છે. જેના ૬૦% મહામંડળ અને ૪૦% ઘટક સંઘ પાસે રહેશે. આ પ્રક્રીયાને તમામ જિલ્લામાં અભૂતપૂર્વ આવકાર મળી રહ્યો છે. તમામ જિલ્લામાં ઉઘરાણી કાર્ય પૂરજોશમાં ચાલે છે. ઘણી જગ્યાએ મતમતાંતર, શંકાકુ શંકા છે, તે અંગે જણાવવાનું કે આ ભંડોળ ફક્ત આપના પ્રશ્નના ઉકેલ માટે જ વપરાશે. તમામ નાણાંનો આપને હિસાબ મળશે. જિલ્લાવાર આવેલ ભંડોળની શિક્ષકના નામ સહીતની યાદી આગામી અંકમાં પ્રસિધ્ધ કરાશે.

આભાર

| | |
|---|---|
| **વિનોદભાઈ પટેલ** | **પંકજભાઈ કે. પટેલ** |
| **મહામંત્રી** | **પ્રમુખ** |
| **ગુ.રા. ઉ.મહામંડળ** | **ગુ.રા.ઉ.મહામંડળ** |

## ગ્રાન્ટ અને એરીયર્સ અંગે

શિક્ષકમિત્રો,

નાણાં વિભાગમાંથી શિક્ષક કમિશનરશ્રીને માધ્યમિકની ૨૪૪૧ કરોડ ૯૫ લાખ ૭ હજાર અને ઉચ્ચતર માધ્યમિકની ૮૩૯ કરોડ ૭ લાખ ઓગણીસ હજાર ગ્રાન્ટ ફાળવી આપેલ છે. જેથી તમામ જિલ્લાના એરીયર્સ બીલોની ચુંકવણી થઈ જશે. ગ્રાન્ટ ફાળવવા બદલ નાણા ખાતાના તમામ અધિકારશ્રી અને **નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલ**નો આભાર માનવામાં આવે છે. માર્ચ-૧૪ સુધી આવેલ તમામ બીલો મંજૂર થઈ જશે.

નિભાવગ્રાન્ટ જુની ગ્રાન્ટ નીતિ અનુસાર ચુકવાશે. પરિણામ આધારીત ગ્રાન્ટ નીતિનો ૨૦૧૫થી અમલ થશે.

**પંકજભાઈ કે. પટેલ**
**પ્રમુખ ગુ.રા.ઉ.મહામંડળ**

●

## નવા અભ્યાસક્રમ અંગે

સામાન્ય પ્રવાહના નવીન અભ્યાસક્રમ બનાવવા અંગે નીચે મુજબ વિચારણા થઈ

૧. ધોરણ ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહના વિષય જૂથને નવેસરથી તૈયાર કરવો જરૂરી જણાય તો તેમાં ફેરફાર કરીએ. **વિષય સાત જ રાખવા.**
૨. સામાન્ય પ્રવાહ - વાણિજ્ય વિષયનો અભ્યાસક્રમ અને પુસ્તકો ખૂબ જૂના છે. નવો અભ્યાસક્રમ તૈયાર કરવો.
૩. નવીન અભ્યાસક્રમ ૨૦૧૬ વર્ષથી અમલમાંમૂકવા. સામાન્ય પ્રવાહના તેમના વિષય ૨૦૦૫ના NCF પ્રમાણે અને NCRT વૈશ્વિક પ્રવાહ અને સાથે સબજેક્ટમાં કોર્ષ બદલવો.
૪. નવીન અભ્યાસક્રમ જીવન ઉપયોગ બને તે માટે તેમાં વોકેશનલ સ્કીલ મૂકી શકાય કે તે મુજબ વિષય રાખવો. ઉદ્યોગમાં પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ વિષયો અભ્યાસક્રમમાં મુકવા અને તાલીમ આપવી.
૫. નવીન અભ્યાસક્રમ COBSE આધારિત તૈયાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવી.
૬. વાણિજયના હાલના વિષયોના નામમાં ફેરફાર, રાષ્ટ્રીય નામને ધ્યાને રાખીને ફેરફાર કરવો.

●

## રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણ નીધિ :-

તા.૦૩/૦૩/૨૦૧૪ ના રોજ શિક્ષક કલ્યાણ રાષ્ટ્રીય નિધિની મીટીંગ **માન. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાનાં અધ્યક્ષ સ્થાને** ગાંધીનગર ખાતે મળી હતી. જેમાં કલ્યાણનિધિનાં **સચિવ શ્રી આર.સી.રાવલ** ઉપસ્થિત રહેલ. રાષ્ટ્રીય કલ્યાણનિધિનાં સદસ્ય અને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘનાં **પ્રમુખ શ્રી ચંદુલાલ જોષી** તથા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળનાં પ્રમુખ **શ્રી રમેશભાઈ પટેલ** તથા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘનાં **પ્રમુખ શ્રી પંકજભાઈ પટેલ**ની હાજરીમાં અગાઉ કરેલ નિર્ણય પ્રમાણે વિદ્યાસહાયકો અને સહાયકોનાં મૃત્યુનાં કિસ્સામાં બે લાખ રૂપિયા ચુકવવવાનો નિર્ણય કરવામાં આવેલ હતો તે પ્રમાણે ૦૬ - વિદ્યાસહાયકોને રૂપિયા બે લાખ પ્રમાણે ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ. જેમાં **બ્રાહ્મણ ગામ ઉ.મા.શાળાનાં ઉચ્ચતર સહાયક પ્રજાપતિ ગોપાલભાઈ ના આકસ્મીત અવસાનથી તેમનાં પત્નીશ્રી** ને સહાય ચુંકવવાનો નિર્ણય કર્યો છે.વધુમાં આજની મીટીંગમાં ચર્ચા વિચારણાનાં અંતે ચાલુ ફરજ દરમ્યાન કોઈપણ પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકમાં કોઈપણ શિક્ષકનું મૃત્યુ થાય તો તેને પણ **એક લાખ રૂપિયા** ચુકવવા માટેનો નવો નિર્ણય કરવામાં આવ્યો. વધુમાં કોઈપણ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકનાં શિક્ષકોનાં સંતાનોને **મેડીકલ અને ડેન્ટલમાં પ્રવેશ મેળવે ત્યારે કોમ્પ્યુટર અને પુસ્તકથી પ્રોત્સાહિત કરવા માટે રૂપિયા પચ્ચીસ હજારની સહાય** કરવા માટે આજની મીટીંગમાં નિર્ણય કરવામાં આવે છે. આ બાબતને ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, ઉચ્ચતર માધ્મમિક શિક્ષક સંઘ અને માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ નિર્ણયને આવકારે છે.

**'૯૮ પછી નીમાયેલ શિક્ષકોને છૂટા ન કરવા બાબત**

**ક્રમાંક : બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ,**
**શિક્ષણ વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખ : ૧૯-૨-૨૦૧૪**

પ્રતિ,
શ્રી ઈ.પી. દેસાઈ
સંયુક્ત નિયામકશ્રી, માધ્યમિક કમિશ્નરશ્રી,
શાળાઓની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**વિષય : સને-૧૯૯૮ બાદ ફાજલ થયેલ શિક્ષકોને રક્ષણ બાબત.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, સને ૧૯૯૮ બાદ ફાજલ થયેલ શિક્ષકોના પ્રશ્નો બાબતે વારંવાર જુદા જુદા મંડળો દ્વારા થયેલ રજૂઆતો પરત્વે વિચારણા કરી નિર્ણય લેવામાં સમય જાય તેમ હોઈ, તેમજ હાલમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો / કર્મચારીઓની જગ્યાઓ ખાલી હોવાથી તથા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ગ્રાન્ટેડ શાળાઓના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે ધ્યાનમાં લઈ હાલ પુરતા તા. ૧૫-૬-૨૦૧૪ સુધી આવા શિક્ષકોને ફાજલ નહિ કરવાની સૂચનાઓ રાજ્યના સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પરિપત્રિત કરવા વિનંતી છે.

આપના વિશ્વાસુ :

**(નિલેશ ત્રિવેદી)**
**નાયબ સચિવ, શિક્ષણ વિભાગ,**
**ગુજરાત રાજ્ય**

●

**ક્રમાંક અનદ/દા/૨૦૧૪/૨૦૩૬-૪૦**
**તા. ૨૦-૦૨-૧૪**

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ,

જાણ અને જરૂરી કાર્યવાહી સારૂં

**નકલ સવિનય રવાના**
**સંયુક્ત શિક્ષણ નિયાકમશ્રી**

●

**ચોથા અને પાંચમાં પગાર પંચ પે-વેરીફિકાશન ના બાકી કેસ મોકલવા બાબત**

**કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,**
**૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,**
**ગુ.રા., ગાંધીનગર.**
**તા. ૨૦-૨-૨૦૧૪**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ,

**વિષય : ચોથા પગારપંચ આર.ઓ.પી.-૧૯૮૭ તથા પાંચમા પગારપંચ આર.ઓ.પી.-૧૯૯૮ના પે-વેરીફીકેશનના બાકી તમામ કેસો મોકલી આપવા બાબત.**

**સંદર્ભ :** શિક્ષણ વિભાગના ઠરાવ ક્ર : બમશ/૧૩૯૮/૧૯૮૧/ગ, તા. ૧૪-૦૨-૨૦૧૪ અન્વયે

ઉપયુક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, આપશ્રીના તાબા હેઠળના બિન સરકારી ગ્રાન્ટેજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓના આર.ઓ.પી. ૧૯૮૭ (ચોથા)તથા આર.ઓ.પી. ૧૯૯૮ (પાંચમા) પગારપંચના પે-વેરીફીકેશનમાં બાકી રહી જવા પામેલ કર્મચારીઓના કેસોમાં સેવાપોથીમાં સહી-સિકકા કરવાની મંજુરી સરકારીશ્રી કક્ષાએથી તા. ૦૫-૬-૨૦૧૩ થી તા. ૦૪-૦૬-૨૦૧૪ સુધીની એક વર્ષની મુદત માટેની મળેલ છે. (જે ઠરાવની નકલ સામેલ છે.)

આ અંગે નીચે જણાવેલ વિગતેની સુચનાઓનું પાલન કરી કેસોનો ઝડપી નિકાલ થાય અને સમય મર્યાદામાં અરજદારોને ન્યાય મળે તેવા હેતુસર તમામ કેસોને ચેકલીસ્ટ મુજબ જ રજુ કરવા જણાવવામાં આવે છે.

૧. અત્રેની કચેરી દ્વારા પરત મોકલેલ કેસોને પેરાવાઈઝ પૂર્તતા કરવી, ફક્ત બે લીટીમાં લેટર રજૂ કરવામાં આવે છે. જેથી પુનઃપૂર્તતા કરાવવાની જરૂરિયાત ઉભી થાય છે અને જેમાં વિલંબ થવાના કિસ્સામાં અરજદારોને સહન કરવું પડે છે. જેથી આપની કક્ષાએથી સદર કામગીરી સંભાળતા કર્મચારીને સુચના આપવા જણાવવામાં આવે છે.

૨. પગાર ચકાસણી એકમ (પી.વી.યુ) ડી.પી.પી. કચેરી, ગાંધીનગરથી રીજેક્ટ થઈ આવેલ કેસને વિનિયમિત કરવાનો થતો હોય, તો રીવાઈઝડ પે-વેરીફીકેશન સબબ તમામ નિયત નમુનાના પત્રકો આદેશ/ એનેક્ષર તથા સેવાપોથી સાથે જ રજૂ કરવો.

૩. રીકવરી કરવાના કેસોમાં ચલન તથા માસ / વર્ષવાર તફાવત દર્શાવતા પત્રકો ફરજિયાત રજુ કરવાના રહેશે.

૪. કોર્ટમેટરના કિસ્સામાં પીટીશન જે તે સમયે જિ.શિ.અ.શ્રી દ્વારા રજૂ કરવામાં આવેલ સોગંદનામું અવશ્ય રજુ કરવું.

૫. ચુકાદો આવેલ હોય તો તેનો આપની કક્ષાએથી અભ્યાસ કર્યા બાદ જો ચુકવવાપાત્ર હોય અને નિયમ સાથે સુસંગત હોય તો જ કેસોને આખરીકરણ અર્થે રજૂ કરવા.

૬. નિયમો સાથે સુસંગત ન હોય તો આપની કક્ષાએથી સરકારી વકીલશ્રીનો અભિપ્રાય મેળવી, જેના સંદર્ભે આપશ્રીના અભિપ્રાય સહ કેસો રજુ કરવા જેથી ભવિષ્યમાં રીકરવરી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય.

૭. અત્રેની કચેરી દ્વારા ઘણા કેસોમાં રીકરવરી કરી કેસો રજૂ કરવાની સૂચના આપવામાં આવેલી છે તેમ છતાં આપની કક્ષાએથી અરજદારોની બાંહેધરી મેળવી કેસ રજૂ કરવામાં આવે છે, જેથી બાંહેધરી માન્ય ન ગણાય, ફરજિયાત ઉગવેલ વધારાની રકમ સરકારશ્રીના બજેટ સદરે પરત ભરપાઈ થઈ જાય તેવી કાર્યપદ્ધતિ અપનાવવાની તાબાની શાળાઓને કડક સૂચના આપવી.

૮. નાણાં વિભાગના ઠરાવ ક્ર : પગર/૧૦-૨૦૧૦/૫૬૧૨૪૩. તા. ૩૦-૧૧-૨૦૧૦ને સંદર્ભે નિયમો સાથે સુસંગત ન હોય નાણાંકીય બાબત સંકળાયેલ હોય તેવા નામ ટ્રીબ્યુનલ, નામ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવતા ચુકાદા અન્વયે કાર્યવાહી કરવાની થતી હોય તો તે મુજબની કાર્યવાહી કરેલ છે. કે કેમ ?

૯. જો ઠરાવો સાથે સુસંગત ન હોય તો આ અંગેની નાણાં વિભાગની મંજૂરી મેળવવા અર્થે કેસો રજૂ કરવા (તમામ પીટીશન/સેવાપોથી/એનક્ષરો સહ)

૧૦. પે-વેરીફીકેશનની મંજૂરી ના ઠરાવની જાણ આપની કક્ષાએથી તમામ બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓને પરીપત્ર દ્વારા કરી ચોથા/પાંચમા પગારના પે-વેરીફીકેશનના તમામ પડતર કેસો મેળવી એકત્રિકરણ કરી ખરાઈ/ચકાસણી કર્યા બાદ જ મોકલી આપવાના રહેશે.

ઉક્ત તમામ સુચનાઓનું આપની કચેરી દ્વારા પાલન કરવામાં આવે તો તમામ કેસોના વિના વિલંબે નિકાલ કરી શકાય તેમ છે.

ચોથા/પાંચમા પગાર પંચના પે-વેરીફીકેશનના પડતર તમામ કેસો અત્રેની કચેરી ખાતે તા. ૩૧-૫-૨૦૧૪ સુધીના સમયગાળા દરમિયાન રજૂ કરવાના રહેશે. સમયમર્યાદા બહારના કેસો ધ્યાને લેવામાં આવશે નહીં કે વિચારણામાં પણ લેવામાં આવશે નહીં તેની નોંધ લેવા ખાસ જણાવવામાં આવે છે.

(ઈ.પી. દેસાઈ)
**સંયુક્ત શિક્ષણ નિયાકમ**
**માધ્યમિક, ગુ.રા.ગાંધીનગર.**

•

**કમ્પ્યૂટર કૌશલ્યની CCC/CCC+ તાલીમ અને પરીક્ષાની કામગીરી ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને બદલે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોંપવા બાબત.**

**ગુજરાત સરકાર**

**સામાન્ય વહીવટ વિભાગ**

**પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક,**

**સચિવાલય, ગાંધીનગર,**

**તારીખ : ૦૧/૦૩/૨૦૧૪**

**વંચાણે લીધા :-**

(૧) સા.વ.વિ.નો તા.૩૦/૯/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક

(૨) સા.વ.વિ.નો તારીખ ૧૬/૧૦/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક.

(૩) સા.વ.વિ.નો તારીખ ૧૯/૧/૨૦૧૨ નો પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦-૨૦૦૫-૧૫૩૨-ક

(૪) ટેકનિકલ પરિક્ષા બોર્ડના તા.૨૮/૧૦/૨૦૧૩ ના પરિપત્ર ક્રમાંક : ટીઈબી/૨૦૧૩/સીસીસી પરીક્ષા/ઘ-૧/૪૧

**આમુખ :-**

સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ ના ઠરાવથી કમ્પ્યૂટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષાની કામગીરી સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ તથા ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ, ગાધીનગર (GCVT) હસ્તકના આઈ.ટી.આઈ. કેન્દ્રોને માન્ય ગણવામાં આવેલ હતા. ત્યારબાદ સમયાંતરે કમ્પ્યૂટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા અને તાલીમનો વ્યાપ વધારવા અંગેના હુકમો કરવામાં આવેલ હતા.વંચાણે લીધેલ ક્રમ (૨) ઉપરના ઠરાવથી કમ્પ્યૂટર કૌશલ્યની CCC/CCC+ ની પરીક્ષા માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા અને આઈ.ટી.આઈ. ઉપરાંત ગુજરાત ટેકનિકલ પરીક્ષા બોર્ડને પરીક્ષા સંસ્થા તરીકે માન્ય ગણવામાં આવેલ હતા.

શિક્ષણ વિભાગ દ્વારા ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના તમામ કર્મચારીઓને ફાજલ કરવા બાબતે તથા નાણાં વિભાગની સૂચના અનુસાર સદરહુ તમામ કર્મચારીઓ અન્ય ખાતાઓમાં પ્રતિનિયુક્ત કરાતાં હવે ટેકનિકલ પરીક્ષા બોર્ડ, ગાંધીનગર પાસે મહેકમ નથી. આથી, વંચાણે લીધેલ ક્રમ-૪ ઉપરના ટેકનિકલ પરીક્ષા બોર્ડના પરિપત્રથી CCC/CCC+ ની પરીક્ષાનું આયોજન સરકારી પોલિટેકનીકો અને સરકારી ઈજનેરી કોલેજો ખાતે બંધ કરવામાં આવેલ છે. આથી, ટેકનિકલ પરીક્ષા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતી CCC/CCC+ તાલીમ અને પરીક્ષા અંગેની કામગીરી ગુજરાત ટેકલોજીકલ યુનિવર્સિટીને સોંપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

વંચાણે લીધેલ ક્રમ-૨ ઉપરનાં ઠરાવનાં પારા-૪માં કમ્પ્યૂટર કૌશલ્યની CCC/CCC+ ની પરીક્ષા માટે સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ, આઈ.ટી.આઈ.ઉપરાંત ટેકનિકલ પરીક્ષા બોર્ડ પરીક્ષા સંસ્થા તરીકે રહેશે તેવી જોગવાઈ છે. કાળજી પૂર્વકની વિચારણાના અંતે 'ટેકનિકલ પરીક્ષા બોર્ડ' ના બદલે હવે CCC/CCC+ ની પરીક્ષા માટે 'ગુજરાત ટેકનોલાજીકલ યુનિવર્સિટીએ સરકારી પોલિટેકનિક અને સરકારી પોલિટેકનિક્સ અને સરકારી ઈજનેરી કોલેજો ખાતે CCC/CCC+' ની તાલીમ અને પરીક્ષાની ઓયોજન કરવાનું રહેશે તેવું ઠરાવવામાં આવે છે.

ઉપર વંચાણે લીધેલાં ક્રમાંક-૨ સામેના ઠરાવની અન્ય શરતો યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(કે.કે.પટેલ)

**ઉપસચિવ, સામાન્ય વહીવટ વિભાગ**

**સરકારના ઉપસચિવ.**

**આચાર્યશ્રી નાં ઉચ્ચતર એલાઉન્સમાં વધારો**
**શાળાના આચાર્યોને ઉચ્ચક મહેનતાણાંનાં**
**દરો સુધારવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ/૧૧૧૪/૫/ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૪/૩/૨૦૧૪.

**વંચાણે લીધા :**

(૧) શિક્ષણ વિભાગનો તાઃ ૯/૧૦/૨૦૦૦ નો ઠરાવ-ઉમશ/ ૧૨૨૦૦૦/૨૩૫૦/- ગ-૧,

(૨) કમિશ્નરશ્રી, શાળાઓનો તારીખઃ ૨/૯/૨૦૧૩નો પત્રક્રમાંકઃ અનદ.૧/ઘ/૨૦૧૩-૧૪/૨૩૫૫૮.

(૩) ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનો તારીખઃ ૭/૮/૨૦૧૩નો કમિશ્નરશ્રી, શાળાઓને સંબોધીને લખેલ પત્ર.

**ઠ રા વ -**

૧. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ના વર્ગો ધરાવતી માધ્યમિક શાળાઓના આચાર્યોને ઉચ્ચક મહેનતાનાંનાં દરમાં સુધારો કરવાની રજુઆત વિચારણા હેઠળ હતી.

૨. કાળજીપૂર્વકની વિચારણાના અંતે રાજયમાંની જે બિન સરકારી માધ્યમિકના ધોરણ-૧૧-૧૨ના વર્ગો ચાલતા હોય તે શાળાના આચાર્યને ઉચ્ચતર માધ્યમિક શાળાની કામગીરી માટે આ હુકમો થયા તારીખથી નીચે મુજબ ઉચ્ચક મહેનતાણાંનાં દરોમાં વધારો કરી હાલના દરો સામે સુધારેલ દરોએ મહેનતાણું આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વિગત | હાલનો દર | સુધારેલ દર |
|---|---|---|---|
| ૧. | ઉચ્ચતર માધ્યમિક શાળાનો જ્યાં એક પ્રવાહ હોય ત્યાં આચાર્યને માસિક મહેનતાણું | રૂા. ૨૫૦/- | રૂા. ૫૦૦/- |
| ૨. | એકથી વધુ પ્રવાહ હોય ત્યાં આચાર્યને માસિક મહેનતાણું. | રૂા.૩૫૦/- | રૂા.૭૦૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની ૨૪/૨/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(નિલેશ ત્રિવેદી)**
**નાયબ સચિવ.**
**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.**

**મેડીકલ એલાઉન્સ અંગે ફક્ત આપણાં મહામંડળને નાણામંત્રીશ્રી દ્વારા પાઠવેલ પત્ર નાણાંમંત્રી શ્રી નિતિનભાઈ ને ખુબ....ખુબ .... આભાર સાથે અભિનંદન**

ક્રમાંક : ના.વિ./આ.પ.ક.વિ./વા.વ્ય./
મંત્રી
નાણાં,આરોગ્ય, તબીબી શિક્ષણ,
પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર
ગુજરાત સરકાર,
સ્વર્ણિમ સંકુલ-૧ બીજો માળ, સચિવાલય,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
તા.૪/મે/૨૦૧૪.

નીતીન પટેલ,
પ્રતિ,
શ્રી પંકજભાઈ કે.પટેલ,
પ્રમુખશ્રી,
ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ,
અમદાવાદ.

**વિષય :- ગ્રાન્ટેડ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને મળતા તબીબી ભથ્થામાં વધારો કરવા બાબત.**

ગુજરાત રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ તથા ગ્રાન્ટેડ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિવિધ કર્મચારી મંડળોની રજુઆત સહાનુભૂતિપૂર્વક ધ્યાને લઈ, રાજ્ય સરકારે ગ્રાન્ટેડ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યો, શિક્ષકો અને કર્મચારીઓને હાલમાં મળતા માસિક રૂા.૧૦૦ ના તબીબી ભથ્થાંમાં તારીખ : ૦૧/૦૩/૨૦૧૪ થી અમલમાં આવે તે રીતે વધારો કરી માસિક રૂા.૩૦૦ તબીબી ભથ્થું મંજુર કરવા નિર્ણય કરેલ છે. જે વિદિત થાય.

નીતીન પટેલ
નાણાં મંત્રીશ્રી

## શુભેચ્છા સહ...

**જિતેન્દ્ર એન. શાહ**
**૮-એ, ધરણેન્દ્રનગર, નિકોલ રોડ, નરોડા,**



શ્રી શાહ જિતેન્દ્ર નાગીનદાસ તા. ૩૦-૬-૨૦૧૩ ને દિવસે ૩૧ વર્ષની હા.સે.સ્કૂલની સેવા આપીને નિવૃત્ત થયેલ છે. તેનો ગાંધીનગર જિલ્લાના તેમજ અમદાવાદ જિલ્લાના પ્રમુખ તરીકે અને ગુ.રા.ઉ.શિ. સંઘ મહામંડળના બે વર્ષ માટેના જોઈન્ટ સેક્રેટરી તરીકે ખૂબ સુંદર સેવાઓ આપેલ છે. નિમણૂંકથી અંત સુધી ગુ.રા.ઉ.શિ.સંઘ મહામંડળના રાજ્ય કારોબારી તરીકે રહેલ હતા. મહામંડળ તેમને શુભેચ્છા પાઠવે છે. પ્રભુ તેઓને દીર્ઘાયુ વક્ષે.

સંપાદક મંડળ
હાયર મેસે.



આણંદ જિલ્લા ઉ.મા. શિ. સંઘનો સેમીનાર ચારૂસેટ કેમ્પસ, ચાંગા મુકામે તા. ૧૮-૨-૧૪ ના રોજ યોજાયો. જેમાં તરીકે સમારંભના પ્રમુખ તથા ઉદ્‌ઘાટકશ્રી ડૉ. એમ.સી. પટેલ, તજજ્ઞ વક્તા ડૉ. મોહનભાઈ પટેલ, મુખ્ય મહેમાન ડૉ. બી. જી. પટેલ, અતિથી વિશેષ મહામંડળના પ્રમુખશ્રી પંકજભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, પૂર્વ પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલ, બોર્ડ સભ્યશ્રી મહેશભાઈ પટેલ, પૂર્વ બોર્ડ સદસ્યશ્રી કાંતિભાઈ પટેલ, જિલ્લા પ્રમુખશ્રી ભરતકુમાર પટેલ, મહામંત્રીશ્રી મુકેશભાઈ એન. પંડ્યા વગેરે હાજર રહ્યા હતા.

## જિલ્લા ઘટક સંઘના પ્રમુખ અને મંત્રી

**આપના જિલ્લાના પ્રશ્નો અંગે આપના જિલ્લાના પ્રમુખ મંત્રીનો જ સંપર્ક કરવો.**

| જીલ્લો | પ્રમુખશ્રી | ફોન નં. | મંત્રીશ્રી | ફોન નં. |
|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | ઠક્કર રમેશચંદ્ર બી. | ૯૪૨૭૯૫૮૫૦૫ | ઉપાધ્યાય રાજેશકુમાર પી. | ૯૪૨૭૦૫૧૮૮૮ |
| અમદાવાદ ગ્રામ્ય | પટેલ રાજેન્દ્રકુમાર એમ. | ૯૯૨૫૨૭૭૪૮૮ | હાલાણી રાજેન્દ્રકુમાર સી. | ૯૯૭૯૧૩૩૦૧૧ |
| આણંદ | પટેલ ભરતકુમાર આર. | ૯૪૦૯૦૧૦૯૬૭ | પંડ્યા મુકેશકુમાર એન. | ૯૪૨૬૩૭૦૬૪૪ |
| અરવલ્લી | પટેલ રોહિતકુમાર એસ. | ૯૪૨૬૩૬૨૨૮૨ | પટેલ હસમુખભાઈ જી. | ૯૮૯૮૪૧૭૧૬૯ |
| સાબરકાંઠા | શાહ આશિષકુમારવી. | ૯૪૨૯૪૫૯૮૫૨ | પટેલ અજીતકુમાર બી. | ૯૪૨૮૫૦૪૮૪૮ |
| ભાવનગર | મહેતા અશોકભાઈ પી. | ૯૪૨૮૮૫૯૩૬૩ | રાઠોડ રાજેન્દ્રસિંહ એલ. | ૯૯૨૪૮૮૦૬૭૦ |
| મહેસાણા | ડી. આર. પટેલ | ૯૦૯૯૭૬૪૪૦૦ | ચૌધરી નરસંગભાઈ એલ. | ૯૪૨૭૩૬૨૬૯૩. |
| સુરત | નેશકર વસંતભાઈ એલ. | ૯૮૨૫૧૩૭૭૮૭ | જોષી અશ્વીન પી. | ૯૮૯૮૧૨૩૬૯૩ |
| ગાંધીનગર | ચૌધરી રમેશકુમાર કે. | ૯૯૨૫૧૮૦૪૭૦ | દેસાઈ હરજીભાઈ આર. | ૮૯૮૦૯૩૭૬૯૫ |
| પાટણ | પઢિયાર બાબુજી એચ. | ૯૨૨૮૫૪૦૪૮૪ | નાયી દિનેશભાઈ એમ. | ૯૮૨૪૩૨૩૨૮૫ |
| બનાસકાંઠા | ચૌધરી નરસિંહભાઈ પી. | ૯૪૨૭૯૮૬૭૧૫ | ચૌધરી ફતેસિંહ કે. | ૯૭૨૬૪૭૧૪૬૫ |
| સુરેન્દ્રનગર | પરમાર હસમુખસિંહ આર. | ૯૮૨૫૫૨૩૨૧૫ | દેવૈયા ગણપતભાઈ કે. | ૯૦૩૩૮૨૫૫૪૭ |
| ભરૂચ | પટેલ પ્રકાશચંન્દ્ર સી. | ૯૮૨૪૧૪૩૯૪૬ | તાંદરજાવાલ મુસ્તાક એચ. | ૯૪૨૭૫૮૨૦૫૦ |
| વડોદરા | પટેલ ભાસ્કરભાઈ જી. | ૯૩૭૪૫૬૮૨૮૨ | જોષી ધર્મેન્દ્રકુમાર કે. | ૯૮૯૮૬૯૩૮૮૩ |
| ખેડા | પટેલ મહેન્દ્રભાઈ એમ. | ૯૯૯૮૬૦૩૭૭૧ | પટેલ જયંતિભાઈ એસ. | ૯૪૨૬૭૨૨૫૩૪ |
| દાહોદ | પરમાર ગજેન્દ્રભાઈ ડી. | ૯૮૯૮૯૭૬૮૮૯ | સુમરા આઈ. સી. | ૯૪૨૮૫૪૬૦૫૫ |
| પંચમહાલ | પંડ્યા ભરતભાઈ એચ. | ૯૪૭૯૭૨૪૨૫૧ | પટેલ જયંતિલાલ આર. | ૯૪૨૮૫૪૬૦૫૫ |
| પોરંબદર | મોઢવાડિયા નિલેશભાઈ | ૯૬૦૧૬૫૫૩૯૮ | કાચા વી. એચ. | ૯૭૨૭૩૬૭૮૫૯ |
| જૂનાગઢ | પટેલ ગિરીશભાઈ એ. | ૯૯૧૩૧૫૩૩૮૪ | ઠુમર ધીરજલાલ બી. | ૯૪૨૮૩૭૪૨૫૧ |
| કચ્છ | લોઢા મનોજભાઈ એ. | ૯૯૧૩૧૫૩૩૮૪ | દરવડીયા ઈબ્રાહીમ આઈ. | ૯૪૨૮૮૧૯૦૨૯ |
| નવસારી | પટેલ ચંન્દ્રકાન્ત વી. | ૯૮૭૯૩૩૨૨૩૩ | લાડ ભરતભાઈ જે. | ૯૪૨૭૪૭૭૫૪૮ |
| તાપી | પટેલ એસ. કે. | ૯૮૨૪૧૩૩૧૪૯ | પંચાલ દિલીપભાઈ બી. | ૯૫૫૮૫૨૨૧૦૪ |
| મોરબી | ઉભડીયા કિશોભાઈ વી. | ૯૪૨૬૨૨૬૧૮૩ | કચોટ મહેન્દ્રભાઈ વી. | ૯૪૨૬૨૨૬૧૮૩ |
| જામનગર | નગરીયા ચંદુભાઈ | ૯૪૨૮૧૨૭૮૨૩ | ફળદુ જી. આર. | ૯૪૨૭૪૨૦૩૩૩ |
| વલસાડ | ઠાકોર નરેન્દ્રકુમાર આર. | ૭૬૦૦૦૧૫૮૨૫ | પટેલ કેતનકુમાર ટી. | ૯૪૨૯૪૭૩૬૨૮ |
| અમરેલી | મકવાણા તુલશીભાઈ આર. | ૯૪૨૬૨૩૩૯૯૨ | રૂપાલા બિપીનભાઈ પી. | ૯૪૨૬૬૪૦૦૮૨ |
| રાજકોટ | ડૉ. સાવલિયા બિપીનભાઈ | ૯૯૨૫૦૩૦૩૦૦ | ડૉ. કડઠા લીલાભાઈ બી. | ૯૮૨૪૨૦૮૮૪૦ |
| નર્મદા | પરમાર વિરેન્દ્રસિંહ જી. | ૯૮૭૯૯૨૫૩૬૮ | ચિકલીગર સંતશરણ બી. | ૯૯૭૯૩૯૬૫૮૯ |

## ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના નવા ચૂંટાયેલા હોદ્દેદારો (વર્ષ ૨૦૧૪-૧૫)

| હોદ્દો | નામ | સરનામું |
|---|---|---|
| પ્રમુખશ્રી | શ્રી પંકજભાઈ કે. પટેલ | ૨૦, સૂર્યરત્ન બંગ્લોઝ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦. મો. : ૯૪૨૬૦૧૫૦૯૧, ૯૭૨૭૦૭૩૫૬૯ |
| મહામંત્રીશ્રી | શ્રી વિનોદભાઈ જે. પટેલ | બી-૨૬, હરીઓમનગર, કેડિલા બ્રીજ પાસે, મો. : ૯૪૨૬૧૮૬૬૯૨ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી ભરતકુમાર આર. પટેલ | આણંદ હાઉસ્કૂલ, આણંદ, મો. : ૮૪૦૧૭૬૩૮૩૫ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી મુકેશભાઈ આઈ. પટેલ | શ્રી જે. એમ.પી. સર્વોદય હાઈસ્કૂલ, હારીજ, જિ. પાટણ મો. : ૯૯૨૪૪૫૭૨૫૭ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી વસંત એલ. પટેલ (નેશકર) | એમ.એસ. વિદ્યાલય, ઓલપાડ, જિ. સુરત મો. : ૯૮૨૫૧૩૭૭૮૭ |
| ઉપપ્રમુખશ્રી | શ્રી પ્રતીકકુમાર એસ. પટેલ | સત્યાનારાયણ વિદ્યાલય, ગોરવા, વડોદરા.,મો. : ૯૮૨૬૩૫૨૭૨૯ |
| પ્રાદેશિક મંત્રી | શ્રી જયેશકુમાર બી. ઈનામદાર | ડી. પી. હાઈસ્કૂલ, નડિયાદ, મો. : ૯૯૯૮૦૬૬૨૯૯ |
| પ્રાદેશિક મંત્રી | શ્રી ભરતભાઈ એ. પટેલ | ઉત્તર બુનિયાદી વિદ્યાલય, મોરવાડ, જિ. મહેસાણા મો. : ૯૪૨૮૫૫૧૯૬૨ |
| પ્રાદેશિક મંત્રી | શ્રી લીલાભાઈ બી. કડછા | શેઠ આર. એ. હાઈસ્કૂલ, દેરડી, જિ. રાજકોટ મો. : ૯૮૨૪૨૦૮૮૪૦ |
| પ્રાદેશિક મંત્રી | શ્રી નરસિંહભાઈ પી. ચૌધરી | શાહ કે એચ. હાઈસ્કૂલ પીલુચા, તા. વડગામ, જિ. બનાસકાંઠા. મો. : ૯૭૧૪૭૭૮૨૦૪ |
| સહમંત્રી | શ્રી ભરતભાઈ આર. પટેલ | સરપ્રતાપ હાઈસ્કૂલ, ઈડર, જિ. સાબરકાંઠા મો. : ૯૪૨૭૯૪૯૦૯૦ |
| સહમંત્રી | શ્રી મૃગેન્દ્રસિંહ કે. સોલંકી | શ્રીમતી વી. એમ. શાહ હાઈસ્કૂલ, હાલોલ જી. પંચમહાલ. મો. : ૯૮૨૮૦૨૯૫૦૫ |
| સહમંત્રી | શ્રી ભરતભાઈ બી. વઢેળ | શ્રી આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કૂલ, સુરેન્દ્રનગર, મો. : ૯૪૨૮૩૨૯૯૭૬ |
| સહમંત્રી | શ્રી ગજેન્દ્ર ડી. પરમાર | એસ.આર. હાઈસ્કૂલ, દેવગઢ બારીયા, જી. - દાહોદ મો. : ૯૮૯૮૯૭૬૮૮૯ |
| સંગઠનમંત્રી | શ્રી નરેન્દ્રકુમાર આર. ઠાકોર | શ્રી જમનાબાઈ સાર્વ. કન્યા વિદ્યાલય, વલસાડ. મો. ૭૬૦૦૦૧૫૮૨૫ |
| સંગઠનમંત્રી | શ્રી ચન્દ્રકાન્ત બી. પટેલ | શ્રી દા.સે.ઈ. સાર્વજનિક હા. ચીખલી, જી. નવસારી મો. : ૯૮૨૯૩૩૨૨૩૩ |
| સંગઠનમંત્રી | શ્રી ભાસ્કરકુમાર એન. પટેલ | શાસ્ત્રી કે. એ. ઠાકર હાઈસ્કૂલ, નાંદોલ, જી. ગાંધીનગર મો. : ૯૮૭૯૯૭૭૩૧૧ |
| સંગઠનમંત્રી | શ્રી રાજેન્દ્રસિંહ એલ. રાઠોડ | શ્રી બી.એમ. કોમર્સ હાઈસ્કૂલ, ભાવનગર, મો. : ૯૯૨૪૮૮૦૬૭૦ |
| ખજાનચી | શ્રી રાજુભાઈ બી. ભટ્ટ | શ્રીમતી વી. કે. ઝવેરી સાધના વિદ્યાલય, ભરૂચ. મો. : ૯૯૯૮૧૨૫૯૯૭ |
| અન્વેષકશ્રી | શ્રી મહાવીરસિંહ એન. વાળા | શ્રી જી. પી. હાઈસ્કૂલ, મેંદરડા, જૂનાગઢ. મો. : ૯૯૦૯૫૭૭૩૬૨ |

## અમદાવાદ જિલ્લાના ઉ.મા. શિક્ષક સંઘના નવા ચૂંટાયેલા હોદ્દેદારો

| હોદ્દો | નામ | શાળાનું નામ |
|---|---|---|
| પ્રમુખ | શ્રી રાજેન્દ્રભાઈ એમ. પટેલ | શ્રી પરિમલ વિદ્યાલય, ડી-કેબીન |
| મંત્રી | શ્રી રાજેન્દ્રભાઈ સી. હાલાણી | શ્રી ડી. જે. વાઘેલા ઉ.મા. શાળા, કોઠ |
| ઉપપ્રમુખ | શ્રી પ્રતાપસિંહ એસ. રાઠોડ | શ્રી ન્યુ એરા હાઈસ્કૂલ, સાણંદ |
| ઉપપ્રમુખ | શ્રી મહેન્દ્રસિંહ ડી. ચાવડા | શ્રી ડોન બોસ્કો ઈંગ્લેશી હા.સે. સ્કૂલ, જીવરાજપાર્ક |
| ઉપપ્રમુખ | શ્રી મહેશકુમાર આર. પટેલ | ન્યૂ ઉપાસના વિનય મંદિર, ન્યૂ રાણીપ |
| પ્રાદેશિક મંત્રી | શ્રી દશરથભાઈ બી. પટેલ | શ્રી ગંગોત્રી હા. સે. સ્કૂલ, સેટેલાઈટ |
| સહમંત્રી | શ્રી રામાભાઈ બી. પટેલ | શ્રી ટી.ઝેડ. વિસલપુર સાર્વજનિક હાઈસ્કૂલ, વિસલપુર |
| સહમંત્રી | શ્રી હસમુખભાઈ બી. પટેલ | શ્રીમતી એમ. કે. દેસાઈ વિદ્યાલય, રાણીપ |
| સહમંત્રી | શ્રી અલ્શેકુમાર બી. જાની | ભાવના ગર્લ્સ હા. સે. વિદ્યાલય, ઓઢવ |
| સંગઠનમંત્રી | શ્રી નિલેષકુમાર કે. પટેલ | સાર્વજનિક મા. શાળા, સરખેજ |
| સંગઠનમંત્રી | શ્રી રમેશકુમાર વી. ડાભી | પંચશીલ હા. સે. સ્કૂલ, કટોસણ |
| સંગઠનમંત્રી | શ્રી બળવંતસિંહ પી. ઠાકોર | શ્રી પ્રકાશ હાઈસ્કૂલ, બારેજા |
| ખજાનચી | શ્રી હિરેશકુમાર એસ. ત્રિવેદી | શ્રી ડી.એ. વિદ્યામંદિર, ધંધુકા |
| અન્વેષક | શ્રી દિનેશભારથી એસ. બાવા | આ. કે. વિદ્યામંદિર, બાળવા |
| કાર્યાલયમંત્રી | શ્રી ભાનુપ્રસાદ પી. સુથાર | સ્વામી ગંગેશ્વરાનંદ વિદ્યાલય, કણભા |



સુરત જિલ્લાના સેમીનારમાં જિલ્લા પ્રમુખશ્રી નેસકરભાઈ પટેલ, મંત્રીશ્રી ગીરીશ પટેલ, બોર્ડ મેમ્બર, રાજેશ પટેલ, વિનોદ પટેલ દ્વારા ગુણવત્તા શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રમુખશ્રીને ચેક અર્પણ કર્યા હતા.



અરવલ્લી જિ.ઉ.મા. સંઘના પ્રમુખ રોહિત પટેલ તથા મંત્રીશ્રી હસમુખ પટેલ દ્વારા મહામંડળના પ્રમુખશ્રી પંકજભાઈ પટેલ તથા વિનોદભાઈ પટેલને ૧,૨૦,૦૦૦ ના ચેક અર્પણ કર્યા હતા.



પંચમહાલ જિ. ઉ. સંઘનો સેમીનાર તા. ૮-૩-૨૦૧૪ ના રોજ બ્રાઈટ સ્કૂલ લુણાવાડા ખાતે યોજાયો હતો. જેમાં સ્વામી શ્રી વી હીરયાની, બોર્ડ સભ્ય જે. પી. પટેલ, પિયુષભાઈ પટેલ, કે. જી પટેલ, મહામંડળના પ્રમુખ પંકજભાઈ પટેલ અને વિનોદભાઈ પટેલ અન્ય મહાનુભાવોએ હાજરી આપી હતી. પ્રમુખશ્રી ભરત પંડ્યા, જે. આર. પટે, મૃગેન્દ્રસિંહ સોલંકીએ સૌનો આભાર માન્યો હતો.



ખેડા જિલ્લાનો તા. ૯-૩-૧૪ ના રોજ એમ. આર. હાઈસ્કૂલ કઠલાલ ખાતે સેમીનાર યોજાયો હતો.જેમાં કાલુપુર ગાદીના સ્વામીશ્રીએ આશીર્વચન આપ્યાં હતાં. તજજ્ઞ વક્તા શ્રી બીપીન પંડ્યા, મહામંડળ પ્રમુખ, સહમંત્રી, બોર્ડ સભ્યશ્રી ગડારા અને મહેશ પટેલ, પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ, કાંતિભાઈ પટેલે હાજરી આપી હતી. ખેડા જિલ્લાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ, જયંતભાઈ, આર. જે. પટેલ, તેમજ શ્રી જયેશભાઈ ઈનામદારે સૌને આવકાર્યા હતા.

વર્ષ : ૦૧ અંક : ૦૬ તા. ૧૫-૩-૨૦૧૪ સળંગ અંક : ૦૬ ફેબ્રુ.-માર્ચ-૨૦૧૪
વર્ષ : ૦૧ અંક : ૦૬ તા. ૧૫-૩-૨૦૧૪ સળંગ અંક : ૦૬ ફેબ્રુ.-માર્ચ-૨૦૧૪
વર્ષ : ૦૧ અંક : ૦૬ તા. ૧૫-૩-૨૦૧૪ સળંગ અંક : ૦૬ ફેબ્રુ.-માર્ચ-૨૦૧૪




# ધો.૧૦ અને ધો.૧૨ પછી શું ?

**બી.એન. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ પેરામેડીકલ એન્ડ સાયન્સ**

(સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત)

સરદાર પટેલ ઓવરબ્રીજ, એન.એસ.પટેલ સર્કલ પાસે, સી. પી. પટેલ કોમર્સ કોલેજ કેમ્પસ,
આણંદ - ૩૮૮૦૦૧. ફોન : ૦૨૬૯૨-૨૫૦૪૩૨

Email : bnparamedical@yahoo.com • Website : www.bnparamedical.org • www.spet69anand.org

આવો, પેરામેડીકલ એન્ડ સાયન્સ ક્ષેત્રમાં ભવિષ્ય ઉજ્જવળ બનાવો...ગુજરાતમાં સૌ પ્રથમવાર ઉત્તમ ગુણવત્તાવાળુ શિક્ષણ

## ધો.૧૨ સાયન્સ માટેનો ઉત્તમ વિકલ્પ

**B.Sc. ઈન મેડીકલ ટેકનોલોજી (સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન)**

૧. B.Sc. ઈન રીનલ ડાયાલિસીસ ટેકનોલોજી
૨. B.Sc. ઈન ઈમેજીંગ ટેકનોલોજી
૩. B.Sc. ઈન કલીનીકલ લેબ ટેકનોલોજી
૪. B.Sc. ઈન ઓપરેશન થીયેટર એન્ડ એનેસ્થેલિયા ટેકનોલોજી

## પોસ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમા ઈન ડાયાલીસીસ (૧ વર્ષ)

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, સંલગ્ન

(કોઈપણ સાયન્સ ગ્રેજ્યુએટ, (હોમ સાયન્સ), નર્સિંગ, બી.પી.ટી. જોડાય શકે છે.)

| ટેકનીશીયન / સર્ટીફિકેટ કોર્સ | પ્રવેશ લાયકાત |
|---|---|
| ૧. ડાયાલિસીસ ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૨. મેડીકલ લેબોરેટરી તથા ઈ.સી.જી. ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |
| ૩. એક્ષ-રે અને મેમોગ્રાફી ટેકનીશીયન (૧ વર્ષ) | ધોરણ ૧૦-૧૨ પાસ |

સંલગ્ન : ભારત સેવક સમાજ પ્લાનિંગ કમિશન, ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા, Reg. No. BSS CC GJ 388001 HE

## ટેકનીકલ જોડાણ

● ઝાયડસ હોસ્પિટલ, આણંદ
● ફ્રેશીનીયસ, જર્મની.
● ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ
● ઈનફોક્સ રેડીઓલોજી સેન્ટર, અમદાવાદ

– અતિ આધુનિક સંપૂર્ણ સાધન સુસજ્જ ઈન્સ્ટીટ્યુટ તથા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત ફેકલ્ટી
– સરકારી તથા પ્રાઈવેટ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં ટેકનીશીયન/ટેકનોલોજીસ્ટ તરીકેની કારકીર્દી
– હોસ્ટેલની સગવડ, કેમ્પસ રીક્રુટમેન્ટ તથા જોબ કાઉન્સીલીંગની વ્યવસ્થા

પ્રવેશ માટે રૂબરૂ મળો : સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાકે

**ડો. આદિતી ભટ્ટ : ૯૫૭૪૭ ૩૪૪૫૦, દિપક ડી. વૈષ્ણવ : ૯૯૨૪૦ ૭૮૨૪૪**

● ડો. હિમાંશુભાઈ પટેલ (નેફ્રોલોજીસ્ટ), ગુજરાત કીડની ફાઉન્ડેશન, અમદાવાદ.
● ડો. રમણભાઈ પટેલ (FRCS) લંડન મેડીકલ ડિરેક્ટર, સર્જન, તરીકે ૪૦ વર્ષનો બહોળો અનુભવ
● ડો. અતિત કાંટાવાલા (M.S. Ortho) જોઈન્ટ મેડીકલ ડિરેક્ટર
● શ્રી શશીકાન્તભાઈ પટેલ - ડિરેક્ટર, કો-ઓર્ડિનેશન


ક્રોધમાં મનુષ્યની આંખો બંધ થઈ જાય છે અને જીભ ખુલી જાય છે. - કેટો



શ્રી રામકૃષ્ણ સેવા મંડળના
આદ્યસ્થાપક-સંવર્ધક-કેળવણીકાર
સ્વ. ડૉ. ગોરધનભાઈ શ. પટેલ
(વકીલ સાહેબ)

SHRI RAMKRISHNA SEVA MANDAL

॥ बहुजन हिताय बहुजन सुखाय ॥

# શ્રી રામકૃષ્ણ સેવા મંડળ

ટાઉન હોલ સામે, આણંદ
(સ્થાપના વર્ષ : ૧૯૫૪)



શ્રીમતી જ્યોત્સનાબેન કે. પટેલ
માનદ મંત્રીશ્રી
શ્રી રામકૃષ્ણ સેવા મંડળ

| | |
|---|---|
| આણંદ આર્ટસ કોલેજ (B.A.) | આણંદ હાઈસ્કૂલ (પ્રાથમિક વિભાગ) |
| આણંદ કોમર્સ કોલેજ | આણંદ હાઈસ્કૂલ (માધ્યમિક વિભાગ) |
| (B.Com (Eng. & Guj Medium), B.B.A. | |
| (Gen. & Foreign Trade),B.C.A.) | |
| આણંદ લૉ કોલેજ (LL.B (Gen.) LL.B (Sp.), | આણંદ હાયર સેકન્ડરી સ્કૂલ |
| B.A. LL.B, B.B.A. LL.B (Intgrated Law), | (સાયન્સ, કોમર્સ, આર્ટસ) |
| D.T.P., D.L.P., D.C.L.P. (Diploma Courses) | |
| આણંદ હોમિયોપેથીક મેડીકલ કોલેજ | આણંદ ઇંગ્લીશ મીડીયમસ્કૂલ |
| (B.H.M.S., M.D. Hom.) | |
| આણંદ ફાર્મસી કોલેજ | આણંદ ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ |
| (B.Pharm, M.Pharm, Ph.D Centre) | |
| આણંદ એજ્યુકેશન કોલેજ (બહેનો માટે) (B.Ed) | આણંદ આઈ.ટી.આઈ. |
| આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન | આણંદ પ્રિન્ટર્સ |
| (ભાઈઓ-બહેનો માટે) (B.Ed) | |
| આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફો. સાયન્સ (M.C.A.) | આણંદ કુટુંબ કલ્યાણ કેન્દ્ર |
| આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (M.B.A.) | આણંદ માતૃમંગલમ(સારવાર કેન્દ્ર) |
| આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ બિઝનેસ સ્ટડીઝ | આણંદ હેલ્થ સેન્ટર |
| (B.B.A., B.B.A. (ISM), B.Com (Eng. Medium), | |
| M.E. Business, (M.Com) | |
| આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ વર્ક | (હોમીયોપેથીક અને જનરલ) |
| (B.S.W., M.S.W., D.D.M., H.R.M) | આણંદ હોસ્પિટલ |
| આણંદ ઈન્સ્ટિટ્યુટ ઓફ પી. જી. સ્ટડીઝ ઈન | આનંદધામ(વૃધ્ધાશ્રમ) - લાંભવેલ |
| આર્ટસ (M.A., M.Lib, B.Lib) | |
| આણંદ શિશુવિહાર | આણંદ લેડીઝ હોસ્ટેલ |
| આણંદ બાલશાળા | આણંદ બોયઝ હોસ્ટેલ |

Website : www.srksm.org